# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **22મી જૂને યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેનાં ઉમેદવારીપત્રોની આજે ચકાસણી થશે**
2. **રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે કે, ગુજરાતના લોકોમાં આદિકાળથી સહકારની ભાવના રહેલી છે.**
3. **સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ-LCમાં નામ લખવાની પધ્ધતિમાં ફેરફારઃ હવેથી જનરલ રજીસ્ટર અને એલસીમાં વિદ્યાર્થીની અટક છેલ્લે લખવામાં આવશે**
4. **રાજ્યમાં કોરોનાના 235 નવા કેસ સાથે સક્રિય કેસોની સંખ્યા વધીને 1 હજાર 109 થઈ**
5. **આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં કેટલાંક જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PANCHAYAT ELECTION PATAN

રાજ્યમાં આગામી 22 જૂને યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાની ગઈ કાલે છેલ્લી તારીખ હતી. પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધી રમેશ સોલંકી જણાવે છે કે , કુલ 310 ગ્રામ પંચાયતોની સામાન્ય અને 70 ગામોમાં પેટા ચૂંટણી મળી કુલ 380 ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે.

ગઈ કાલે જિલ્લાના તમામ તાલુકા મથકો ખાતે મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરી ખાતે ઉમેદવારી પત્ર ભરવા ઉમેદવારો , તેમના ટેકેદારો અને ગ્રામજનોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. પાટણ તાલુકામાં કમલીવાડા ગ્રામ પંચાયતે સતત છઠ્ઠી વખત સમરસ ગ્રામ પંચાયત બનવાની પરંપરા જાળવી રાખી છે. બાદિપુર અને ભદ્રાડા ગ્રામ પંચાયતના સરપંચ અને પંચાયત પણ સમરસ બન્યા છે.

જામનગર જિલ્લાનાં અમારા પ્રતિનિધી જગત રાવલ જણાવે છે કે , 266 ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ માટે ૭૩૭ અને સભ્યપદ માટે 3 હજાર ૨૮૬ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. આજે ઉમેદવારીપત્રોની ચકાસણી કરાશે અને આવતી કાલે ઉમેદવારી પત્રો પરત ખેંચવાની છેલ્લી તારીખ છે. 22 જૂને મતદાન અને 25 જૂને પરિણામ જાહેર થશે.

બનાસકાંઠા જિલ્લાનાં અમારા પ્રતિનિધી સવજી ચૌધરી જણાવે છે કે , ગઈ કાલે ફોર્મ ભરવાના અંતિમ દિવસે જીલ્લાના તમામ તાલુકા મથકની કચેરીઓમાં ઉમેદવારી નોંધાવવા માટે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા

---

# GOVERNOR AT SAHAKAR SAMMELAN

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે કે, ગુજરાતના લોકોમાં આદિકાળથી સહકારની ભાવના રહેલી છે. અહીંના નાગરિકો માત્ર પોતાની પ્રગતિ માટે જ નહીં, પરંતુ પોતાની સાથેના લોકોની ઉન્નતિ માટે પણ કાર્ય કરે છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું કે, ગુજરાતના લોકો સહકારના બળ પર નિરંતર આગળ વધતા રહ્યા છે અને એનું જીવંત ઉદાહરણ છે – અમૂલ ડેરી. તેમણે સહકાર ક્ષેત્ર સાથે જોડાયેલા તમામ પ્રતિનિધિઓને કૃષિ, બેંકિંગ, મત્સ્ય ઉદ્યોગ જેવા ક્ષેત્રમાં સહકાર દ્વારા નવી તકો ઊભી કરી, રોજગારીનું સર્જન કરવા આહવાન કર્યું હતું.

## (બાઈટ – આચાર્ય દેવવ્રત, રાજ્યપાલ)

ગઈ કાલે ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે રાજભવન ખાતે આયોજિત “સહકારથી સમૃદ્ધિ સંમેલન”માં રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીના વિકાસ માટે રાજ્ય સરકારના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સહકાર એ માત્ર વ્યવહાર નથી, એ એક ભાવના છે, આ ભાવનાને દ્રઢપણે અપનાવવાથી આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી સાર્થક થશે.

આ સંમેલનમાં વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી અને સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

# CM PRESS CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં કેન્દ્ર સરકારનાં 11 વર્ષની સમાપ્તિ પ્રસંગે આજે ગાંધીનગરમાં ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ , કોબા ખાતે પત્રકાર પરિષદ યોજવામાં આવી છે , જેમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને પ્રદેશ પ્રમુખ સી .આર.પાટીલ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓની માહિતી આપશે.

---

# NEW CRIMINAL RULES

નવા અમલમાં આવેલ ત્રણ ફોજદારી કાયદા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ તેમજ ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ વિશે લોકોમાં જાગૃતી આવે તે માટે ડાંગ જીલ્લા પોલીસ દ્વારા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નવા કાયદાની થીમ ઉપર જુદી જુદી ત્રણ સ્પર્ધા ચિત્ર સ્પર્ધા, ઓડિયો સ્પર્ધા, વિડીયો સ્પર્ધાનું આયોજન કરાયું છે.

આ અંગે ડાંગના એસ.પી. એસ.જી.પાટીલે વધુ માહિતી આપી

**(બાઈટ- એસ.પી. એસ.જીપાટીલ – આહવા)**

---

# LC NAME

શાળામાં વિદ્યાર્થીનાં સ્કુલ લિવિંગ સર્ટિફિકેટ- LCમાં નામ લખવાની પદ્ધતિ અંગે શિક્ષણ વિભાગે પરિપત્ર બહાર પાડ્યો છે. હવેથી જનરલ ર જિસ્ટર અને લિવિંગ સર્ટિફિકેટમાં વિદ્યાર્થીની અટક છેલ્લે લખવામાં આવશે.

અત્યાર સુધી વિદ્યાર્થિની અટક પહેલાં અને નામ પાછળ લખવામાં આવતું હતું. પરંતુ અપાર આઇડી બનાવવામાં થતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને સ્કુલ લિવિંગ સર્ટિફિકેટમાં પહેલાં બાળકનું નામ પછી પિતા કે માતાનું નામ અને છેલ્લે અટક લખવા નિર્દેશ કરવામાં આવ્યો છે.

---

# ST BUS WASHING MACHINE

રાજ્યમાં આગામી સમયમાં વધુ 47 S.T. ડેપો ખાતે બસની સફાઈ માટે “સ્વચાલિત વાહન ધોવાના યંત્ર ” મૂકાશે. S.T. નિગમ દ્વારા 11 કરોડ 80 લાખ રૂપિયાના ખર્ચે 80 જેટલા યંત્ર ખરીદવામાં આવ્યા છે. આ યંત્રની મદદથી ડેપો પર એસ. ટી. બસની પાંચથી સાત મિનિટમાં સફાઈ થઈ જાય છે.

હાલમાં આ યંત્રો ગાંધીનગર , અમદાવાદ, સાણંદ, આણંદ સહિત કુલ 33 ડેપોમાં કાર્યરત્ છે. જ્યારે નવા 7 યંત્ર ટૂંક સમયમાં ખંભાળિયા , વલસાડ, હિંમતનગર, ગોધરા, વડોદરાના પાણીગેટ, દાહોદ અને ઉ ધના ડેપો ખાતે કાર્યરત્ કરાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

# CHHOTA UDERPUR FARMING

છોટાઉદેપુરના તોતરમાતા ગામના શિક્ષિત યુગલે વિદેશમાં નોકરી છોડીને સરગવાની પ્રાકૃતિક ખેતી શરૂ કરી છે. સરગવાના પાનનો પાઉડર, ચીકી, થેપલા, મધ જેવી આઠ પ્રકારની વસ્તુ બનાવી વિદેશમાં નિકાસ કરી આત્મનિર્ભર બન્યા છે. આ પરિવારે તેમના ખેતરમાં જ ૬ થી ૭ હજાર સરગવાના છોડ ઉછેર્યા છે. તેમાંથી જ બધી વસ્તુ જાતે બનાવી લોકોને વેચી રહ્યા છે. જેને લઈને સરગવાની ખેતી કરતા મનિષાબેન વધુ માહિતી આપી રહ્યા છે.

(બાઈટ- મનિષાબેન)

---

# COVID CASES

છેલ્લાં 24 કલાકમાં રાજ્યમાં કોરોનાના 235 નવા કેસ નોંધાયા છે , જેમાં સૌથી વધુ 131 કેસો અમદાવાદમાં નોંધાયા છે. આ સાથે રાજ્યમાં સક્રિય કેસોની સંખ્યા વધીને 1 હજાર 109 થઈ છે. કુલ કેસોમાં 60 ટકા કેસો એટલે કે 646 કેસો અમદાવાદમાં નોંધાયા છે.

1076 દર્દીઓએ ઓપીડીમાં સારવાર લીધી હતી. આરોગ્ય ખાતાની યાદી પ્રમાણે કોરોનાથી રાજ્યમાં એક પણ મૃત્યુ નોંધાયું નથી.

ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનિધી સુરેશ ત્રિવેદી જણાવે છે કે , જિલ્લામાં કોરોનાના વધુ ચાર કેસ નોંધાયા છે. હાલ જિલ્લામાં કુલ 25 દર્દીઓ હોમ આઇસોલેશનમાં સારવાર હેઠળ છે.

---

# WEATHER

રાજ્યમાં આગામી 12થી 18 જૂન સુધી પશ્ચિમી દિશાનાં પવન મજબૂત થતાં ચોમાસું આગળ વધે તેવી સંભાવના છે. 12 જૂન સુધી ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, દીવ, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે, જ્યારે 13 અને 14 જૂન દરમિયાન ઉત્તર અને પૂર્વ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી છે.

હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે આ અંગે વધુ માહિતી આપીઃ

## (BYTE- DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

દરમિયાન છેલ્લાં 24 કલાકમાં સૌથી વધુ 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન કંડલા હવાઈમથક અને ડીસામાં નોંધાયું. જ્યારે અમદાવાદ, ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં 40 ડિગ્રી અને ભુજ તેમજ રાજકોટમાં 39 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

---

# POOJA TIKMANI GUINESS BOOK

અમદાવાદનાં પૂજા તિકમાણીએ તાજેતરમાં એક અનોખી સિદ્ધિ હાંસલ કરીને ગિનીઝ બુક ઓફ વર્લ્ડમાં પોતાનું નામ નોંધાવ્યું છે. તેમણે 20 પાઉન્ડનો બેકપેક લઈને સૌથી ઝડપથી હાફ મેરેથોન પૂર્ણ કરવાની સિધ્ધિ હાંસલ કરી છે.

વ્યવસાયે બિઝનેસવુમન અને દોડનો શોખ ધરાવતાં પૂજા તિકમાણીએ તાજેતરમાં અમદાવાદના સિંધુ ભવન ખાતે યોજાયેલી દોડમાં આ સિધ્ધિ મેળવી હતી.

---

# TRAIN SCHEDULE

વડોદરા મંડળના વાસદ-રણોલી મથક વચ્ચે બ્લોક ના કારણે આવતીકાલે કેટલીક ટ્રેનને અસર થશે. આ દિવસે મણિનગર-વડોદરા અને વડોદરા-મણિનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે. જ્યારે જામનગર-વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ મથક પર થોડા સમય માટે રોકાશે અને અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે તેમ રેલવેની યાદીમાં જણાવાયું છે.

---